રાજકોટ મહાનગરપાલિકા

બાંધકામ શાખા

૨૦૧૬ - ૧૭

એ - ટેકનીકલ બીડ

કામનું નામઃ- વોર્ડ નં.૩ માં રૂખડીયાપરામાં સીમેન્ટ કોંક્રિટ કામ અને ઓપન ગટર કરવાનું કામ

અંદાજીત રકમ	:-	રૂા.૫,૦૦,૦૦૦/-
અર્નેસ્ટ મની	:-	રૂા.૫,૦૦૦/-
ટેન્ડર ફી	:-	રૂા.૭૫૦/- (નોન-રીફંડેબલ)

સીટી એન્જીનીયર
ડો.આંબેડકર ભવન, મધ્ય ઝોન,
ઢેબરભાઈ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧

રાજકોટ મહાનગર સેવા સદન

ટેન્ડર નોટીસ

બાંધકામ શાખા, મધ્ય ઝોન

રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ શાખામાં નીચે જણાવેલ કામ માટેના પર્સન્ટેજ રેઇટ ટેન્ડર સરકારશ્રીના નિયમો મુજબ રજીસ્ટર્ડ થયેલ કક્ષા અને સોલવંસી સર્ટીફીકેટ ધરાવનાર કોંન્ટ્રાકટરો પાસેથી માંગવામા આવે છે આ ટેન્ડરો તા.**૧૭-૦૧-૨૦૧૭** થી **૧૮-૦૧-૨૦૧૭** ના રોજ બપોરના ૪-૦૦ વાગ્યા સુધીમાં નીચેની વિગતે માત્ર સ્પીડ પોસ્ટ / રજીસ્ટર્ડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. શક્ય હશે તો તે જ દિવસે આ ટેન્ડરો ખોલવામાં આવશે

૧) સીટી એન્જીનીયર, રાજકોટ મહાનગરપાલિકા, મધ્ય ઝોન- બાંધકામ શાખા કચેરી, રૂમ નં.૬, સેંટ્રલ ઝોન, ડો.આમ્બેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

ક્રમ	કામનુ નામ	એસ્ટીમેટની રકમ રૂ.	અર્નેસ્ટમની ની રકમ રૂ.	કામની સમય મર્યાદા	ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રૂ.
૧	વોર્ડ નં.૩ માં રૂખડીયાપરામાં સીમેન્ટ કોંક્રિટ કામ અને ઓપન ગટર કરવાનું કામ	૫,૦૦,૦૦૦/-	૫,૦૦૦/-	૯૦ દિવસ	૭૫૦/-

સામાન્ય શરતોઃ

એજન્સીની નાણાંકીય ક્ષમતા ;;-

- ❋ છેલ્લા સાત વર્ષનું સરેરાશ વાર્ષિક ટર્ન ઓવર કામની અંદાજીત રકમ કરતા ઓછું ન હોવું જોઇએ
- ❋ એજન્સીની સોલવંશી રૂ.૧.૦૦ લાખ કરતા ઓછી ન હોવી જોઇએ.
- ❋ એજન્સીની વર્કીંગ કેપીટલ ૨૫ % કરતા ઓછી ન હોવી જોઇએ.

નોંધ ::- સરેરાશ વાર્ષિક ટર્ન ઓવરની ગણત્રી કરવા અને છેલ્લા સાત વર્ષમાં થયેલ કામોની રકમ મેળવવા માટે નાણાંકીય બાબતોમાં દર વર્ષે ૧૦ % લેખે એન્હેન્સમેન્ટ ફેકટર (Enhancement Factor (લાગુ પાડવામાં આવશે

(૧) જરૂર જણાયે લેબર લાયસન્સની જવાબદારી જે તે કોંન્ટ્રાકટરની રહેશે તથા ઇ.પી.એફ. નંબર લેવાની જવાબદારી જે તે કોંન્ટ્રાકટરની રહેશે.

(૨) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ એસ્ટીમેટની રકમના એક ટકા મુજબ ભરવાની રહેશે અર્નેસ્ટમની શેડ્યુઅલ બેંકના રાજકોટ મહાનગર સેવા સદનની તરેફણના ડીમાન્ડ ડ્રફટથી ભરીને પહોંચની વિગત કવર ઉપર દર્શાવવાની રહેશે અન્યથા'આવા ટેન્ડર ખોલવામાં આવશે નહીં.. અર્નેસ્ટમની ડીપોઝીટ તરીકે એફ.ડી.આર. સ્વીકારવામા આવશે નહીં.

(૩) સિક્યોરીટી ડીપોઝીટની રકમ અઢી ટકા લેખે રોકડેથી કરારનામું કરતી વખતે તથા અઢી ટકા બીલમાંથી કપાત કરવામાં આવશે. કુલ સિક્યોરીટી ડીપોઝીટ ૫ % મુજબ ભરવાની રહેશે

(૪) લેબર વેલ્ફેર સેસ ૧ % મુજબ કપાત કરવામાં આવશે

(૫) આ કામના ટેન્ડર ફોર્મનું વેચાણ મધ્ય ઝોન, બાંધકામ શાખામાંથી **તા.૧૦-૦૧-૨૦૧૭ થી ૧૬-૦૧-૨૦૧૭** ના ૧.૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે. ટેન્ડર કામની સમજુતી તથા અન્ય વિગતો ઓફીસ સમય દરમ્યાન મધ્ય ઝોન, બાંધકામ શાખામાંથી જાણવા મળી શકશે. વધુમાં, આ કામના ટેન્ડર ડોકયુમેન્ટ (ટેકનીકલ બીડ અને પ્રાઈસ બીડ) રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઈટ www.rmc.gov.in પરથી પણ ડાઉનલોડ કરી

શકાશે અને ટેન્ડરમાં જણાવ્યા મુજબની તારીખ સુધીમાં ટેન્ડર સાથે જરૂરી દસ્તાવેજો, ટેન્ડર ફી, ઈ.એમ.ડી., આઈડેન્ટીટી પ્રૂફ એડ્રેસ પ્રૂફ પાન કાર્ડની પ્રમાણિત નકલ, વ્યવસાય વેરો ભર્યાની નકલ, સંપર્ક ફોન નંબર / મોબાઈલ નંબર વિગેરે એજન્સીએ રજુ કરી દેવાના રહેશે

રાજકોટ મહાનગરપાલિકાની વેબ સાઈટ www.rmc.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી રજૂ કરનાર એજન્સી પ્રિ-કવોલીફાય નહીં થાય તો તેવી એજન્સીના ભાવ ખોલવામાં આવશે નહીં. તેમજ તેઓએ ટેન્ડર સાથે ભરેલ ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહિ. એનેક્ષ્ચોર -૧માં દર્શાવેલ ફોર્મેટમાં વિગતો રજૂ કરવી ફરજીયાત છે.

(૬) ટેન્ડર કામની સમજુતી તથા અન્ય વિગતો ઓફીસ સમય દરમ્યાન બાંધકામ શાખા, (મધ્ય ઝોન) માંથી જાણવા મળી શકશે.

(૭) કોંન્ટ્રાકટરશ્રીઓએ ટેન્ડરના બંધ કવર ઉપર કામનું નામ તથા વોર્ડ નંબર સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે

(૮) એજંન્સીએ છેલ્લાસાત વર્ષના સમયગાળામાં સરકારી, અર્ધસરકારીમાં આ જ પ્રકારનુ કોઇ પણ રકમનુ ઓછામાં ઓછુ એક સરખા પ્રકારનુ કામ મુખ્ય કોંન્ટ્રાકટર તરીકે પૂર્ણ કરેલુ હોવુ જોઇએ તથા એજંન્સી પાસે કામ કરવા માટે પુરતા પ્રમાણમા સાધન સામગ્રી તથા જરૂરી અનુભવી સ્ટાફ હોવોજોઇએ.

(૯) આ કામ બેરોજગાર ડિપ્લોમા / ડીગ્રી હોલ્ડરને કોઈ પણ ટર્નઓવર, અનુભવ કે સોલ્વન્સી વગર આપવામા આવી શકાશે પરંતુ નીચે જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજોની 'ખરી નકલ' ટેન્ડર સાથી રજુ કરવાના રહેશે:

- રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર / જી.ડબલ્યુ.એસ.એસ.બી.માં રજીસ્ટ્રેશન કરાવ્યાની નકલ
- ડિપ્લોમા / ડીગ્રી નું સર્ટીફીકેટની નકલ
- કોઈ પણ જગ્યાએ નોકરી કે ધંધો નથી કરતા તે અંગેનો રૂ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર "સોગંદનામુ"

ઉપરોક્ત તમામ દસ્તાવેજો અસલ વેરીફીકેશન સમયે રજુ કરવાના રહેશે અન્યથા નોન-રેસ્પોન્સીવ ગણવામાં આવશે

(૧૦) ટેન્ડર ખરીદવાની માંગણી સાથે એજન્સીએ જરૂરી તમામ દસ્તાવેજોની નકલો રજુ કરવાની રહેશે જેને આધારે પ્રી-કવોલીફાય થનાર એજન્સીને જ ટેન્ડર કોપી ઇસ્યુ કરવામાં આવશે

(૧૧) એજન્સીએ ટેન્ડર સાથે પોતાના બીઝનેશ એડ્રીસ પ્રૂફ તથા પોતાનો આઇડી. પ્રૂફ રજુ કરવાનુ રહેશે

(૧૨) આ કામે પેનલ્ટી કોંટ્રાકટ વેલ્યુના ૦.૨૦ % મુજબ પ્રતિ દિન રહેશે જે વધુમાં વધુ અંદાજીત કિંમતના ૧૦% સુધી કાપવામાં આવશે

(૧૩) ટેન્ડર ડોકયુમેન્ટમાં દર્શાવેલ તમામ શરતો ધ્યાને લઇ ઓફર આપવાની રહેશે

(૧૪) આ કામે આવેલ કોઈ પણ ટેન્ડર / બધા ટેન્ડરનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો હક્ક રાજકોટ મહાનગરપાલિકા અબાધિત રાખે છે.

સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા

:: ટેન્ડર રજુ કરવા બાબતની સમજુતી ::

૧. ટેકનીકલ બીડ તથા પ્રાઈસ બીડ અલગ-અલગ કવરમાં બંધ કરવાના રહેશે અને કવર ઉપર કામનું નામ તથા "ટેકનીકલ બીડ", "પ્રાઈસ બીડ" મોટા અક્ષારે લખવાનું રહેશે

૨. ઉપરોકત બન્ને કવર - એક મોટા કવરમાં બંધ કરી - ઉપર કામનું નામ તથા સંપૂર્ણ વિગતો દર્શાવી રજુ કરવાનું રહેશે

૩. નિયત સમયે "ટેકનીકલ બીડ" ખોલવામાં આવશે અને "ટેકનીકલ બીડ" માં રજુ થયેલ યોગ્ય શ્રેણીનાં રજીસ્ટ્રેશન, અનુભવની વિગત, અર્નેસ્ટ મની ડીપોઝીટ, સોલ્વન્સી વિગેરેની ચકાસણી કરવામાં આવશે. જે અન્વયે યોગ્યતા ધરાવનાર એજન્સીની જ "પ્રાઈસ બીડ" ખોલવામાં આવશે અન્ય એજન્સીઓની "પ્રાઈસ બીડ" ખોલવામાં આવશે નહીં, જે બાબત તમામ એજન્સીઓને બંધનકર્તા રહેશે

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

:: ચેક લીસ્ટ ::

૧. સરકારી, અર્ધ-સરકારી વિભાગમાં રજીસ્ટ્રેશન કરાવ્યાની નકલ
૨. સમાન પ્રકારના કામ કરેલ અનુભવના દાખલાની નકલ (છેલ્લા સાત નાણાકિય વર્ષ દરમ્યાન કરેલ કામો પૈકીના કોઈ પણ રકમના એક કામના અનુભવનો દાખલો રજુ કરવો)
૩. કામની રકમના ૨૫.૦૦% મુજબની બેન્ક્નું વર્કીંગ કેપિટલ રજુ કરવુ.
૪. સોલવન્સી સર્ટીફીકેટ રૂ.૧.૦૦ લાખ નું રજુ કરવું.
૫. અર્નેસ્ટ મની ડીપોઝીટ

કોન્ટ્રાકટરનું નામ :-

સરનામું :-

અર્નેસ્ટ મનીની વિગતઃ- રૂા.૫,૦૦૦/-

બેન્કનું નામ તથા વિગત

.....

.....

.....

ઉપરોકત ડોકયુમેન્ટ રજુ કરેલ છે.

કોન્ટ્રાકટરની સહી તથા સીકકો

:: શ ર તો ::

(૧) ૧. ટકા તથા રકમ અક્ષર તેમજ આંકડામાં સ્પષ્ટ લખવી.

૨. પેઢી કે ભાગીદાર વતી સહી કરનારે તે જ પ્રમાણે સહી કરવી.

૩. નિયત થયેલ જગ્યાએ લખવું.

૪. છેકછાકવાળું ટેન્ડર રદ કરવામાં આવશે.

૫. શરતો, એબસ્ટ્રેકટ તથા સમજુતીમાં દરેક પાને સહી કરવી.

૬. અર્નેસ્ટ મની ભર્યાનો દાખલો ટેન્ડરના કવર ઉપર પહોચ નંબર થી લખવો. અસલ પહોંચ ટેન્ડર સાથે રાખવી.

(૨) કામ પુરા ખંતથી કરવું જોઈએ અને કરેલું સઘળું કામ કારીગરની રીતે કરેલું હોવું જોઈએ. ટેન્ડર રજુ કરનાર શખ્સ / શખ્સો કામમાં જે માલ સામાન વાપરે તે ઉત્તમ પ્રકારનો હોવો જોઈએ. અને સીટી એન્જીનીયર એ પસંદ કરેલો હોવો જોઈએ. કામ કેટલી ત્વારાથી ચલાવવું તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતો માલ સામાન કેવા પ્રકારનો છે તે બાબત સીટી એન્જીનીયર જે નિર્ણય કરે તે આખરનો સમજવો જોઈએ. કામની ઝડપ અને ગતી વધારવા સીટી એન્જીનીયર નો નિર્ણય આખરી સમજવાનો રહેશે તથા લેખીત તેમજ મૌખીક સુચના તેમજ નોટીસ આપવા છતા પણ કામની ગતી કે ઝડપ વધારવામાં નહી આવે તો શ્રી કમિશનર સાહેબને કોન્ટ્રાકટ રદ કરવાનો અધિકાર રહેશે.

(૩) સઘળી ખાણોની ફી, રોયલ્ટી, સીકયોરીટી ડીપોઝીટ અને સામાન ભરી રાખવા માટે કાંઈ જમીનનું ભાડુ આપવાનું હોય તો તે કોન્ટ્રાકટરે આપવાનું રહેશે.

(૪) કોન્ટ્રાકટરે પોતાના કામદારોને થયેલ ઈજા માટે તથા તેને કંઈ બદલો આપવો પડે તો તે માટે તમામ રીતે જવાબદાર રહેશે. કામદારોને થયેલ ઈજા માટે યોગ્ય બદલો આપવામાં જો કોન્ટ્રાકટર નિષ્ફળ નીવડે અને કામ કરતા કામદારોને તેનો બદલો રાજકોટ મહાનગરપાલિકા તરફથી આપવામાં આવે તો તેવી આપેલી રકમ ટેન્ડર ભરનાર શખ્સને આપવા જોગ થયેલ રકમ માંથી અથવા આપવાના થાય તે રકમ માંથી કાપી લેવા રાજકોટ મહાનગરપાલિકા મુખત્યાર છે.

(૫) આમાં કબુલ કરેલી તેવી કામની જુદી જુદી બાબતો માટેનો દરજ્જો તે બાબતો મંજુર કરેલી સમજુતી અનુસાર પુરી કરવામાં આવી છે એમ સ્વીકારવામાં આવે તો જ કાયદેસર ગણાશે જે તે પ્રસંગે કામની સદરહુ બાબતો એવી રીતે પુરી કરી છે એમ સ્વીકારવામાં નહી આવે તે પ્રસંગે સીટી એન્જીનીયર છેવટના બીલો તૈયાર કરતી વખતે વ્યાજબી લાગે તેવા ઘટાડાના દરથી બીલો કરવાનો મુખત્યાર છે.

(૬) ૧. કોન્ટ્રાકટરે ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં કોઈને કામે લગાડવા નહિં.

૨. કામ ઉપર જે માણસને રાખવાની સીટી એન્જીનીયર શ્રી મનાઈ કરે તે માણસને કામ પર રાખવાના નથી.

(૭) વર્ક ઓર્ડર મળે તુરત જ કામ ચાલુ કરવાનું છે ઓર્ડરમાં જણાવેલ ૯૦ દિવસની મુદત દરમ્યાન કામગીરી કરવાની છે. જો મુદત દરમ્યાન સુચના પ્રમાણે કામ કરવામાં નહી આવે તો શ્રી કમિશ્નર સાહેબને યોગ્ય લાગશે તો કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે અન્ય કોન્ટ્રાકટર પાસે અગર તો ખાતા મારફત કામ પુરૂ કરાવશે. અને આમ બાકી રહેતુ કામ પુરૂ કરવામાં મહાનગરપાલિકાને કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ કરતા જો વધુ ખર્ચ થશે તો તે કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે આ વધારાનો ખર્ચ વસુલ કરી શકશે તથા તેની સીકયોરીટી જપ્તકરી શકશે. શ્રી કમિશ્નર સાહેબને જો યોગ્ય લાગશે તો મુદત દરમ્યાન કામ પુરૂ નહિં થયું હોય છતા પણ કોન્ટ્રાકટર પાસે કામ ચાલુ રખાવી શકશે અને તેની મુદત સંજોગોનેલક્ષમાં રાખીને વધારી આપશે. અગરતો દરરોજના રૂા.૧૦૦૦/- દંડ કરી શકશે.

(૮) ટેન્ડરની વેલીડીટી ૧૨૦ દિવસ રહેશે.

(૯) કામ કરતા માલ સામાન નડતર રૂપ ન થાય તે રીતે કરવાનું છે

(૧૦) ટેન્ડર સ્વીકારવામાં આવે ત્યાર બાદ અઠવાડીયાની અંદર સીકયોરીટી ડીપોઝીટ માટે રકમ ભરી આપવાની રહેશે. જો આમ કરવામાં ટેન્ડર રાખનાર શખ્સ નાકામીયાબ નિવડશે તો તેણે ભરેલ અર્નેસ્ટ મનીની રકમ જપ્ત કરવામાં આવશે અને તે શખ્સને ખર્ચે અને જોખમે ફરીથી ટેન્ડરની માંગણી કરવામાં આવશે

(૧૧) આ કામે ડીફેક્ટ લાયબીલીટી પીરીયડ એક વર્ષનો રહેશે.

(૧૨) સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલ રકમ કામ પુરૂ થઈ ગયા બાદ કમ્પ્લીશન તારીખથી **૧૨ (બાર) માસ** પછી પાછી આપવામાં આવશે પરંતુ તે સમય દરમ્યાન કોઈ કામ ખરાબ થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે તો તે કામ કોન્ટ્રાકટરે દુરસ્ત કરી આપવાનું રહેશેઅને જો તેમ કરવામાં નાકામીયાબ નિવડશે તો દુરસ્તી તેને ખર્ચે અને જોખમે મહાનગરપાલિકા તરફથી કરાવી લેવામાં આવશે, અને તે પૈકીનો થયેલ ખર્ચ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે.

(૧૩) કામ ઉપર કોન્ટ્રાકટરે પોતે અથવા તેના વતી કોઈ જવાબદાર માણસને હાજર રાખવાનો રહેશે.

(૧૪) કામ પુરૂ થઈ ગયા બાદ સાઈટ બરાબર સાફ કરી આપવીની રહેશે અને જો તેમ કરવામાં કોન્ટ્રાકટર નાકામિયાબ નિવડશે તો તેને ખર્ચે અને જોખમે મહાનગરપાલિકા તરફથી સાઈટ સાફ કરાવી લેવામાં આવશે.

(૧૫) રસ્તો બંધ કરવા માટે દિવસના ભાગમાં તેવી સુચનાના બોર્ડ તથા રાત્રે બત્તી વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેને અભાવે થતી નુકશાનીની તમામ જવાબદારી કોન્ટ્રાકટરને શીરે રહેશે.

(૧૬) વર્ક ઓર્ડર આપી કામમાં ચાલુ કામે અન્ય આસામીઓની મિલ્કતને અગર જાનમાલને કોઈપણ નુકશાન થશે તો તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટ રાખનારની રહેશે. અને તે માટે કોઈપણ વળતરની રકમ ચુકવવાની થાય તો તે કોન્ટ્રાકટરે ભરી આપવાની રહેશે. જો કોન્ટ્રાકટર અમલ ન કરે તો તેવા વળતર વિગેરેની રકમ તેનાં બીલોમાંથી કાપી લેવામાં આવશે.

(૧૭) કોઈ પણ કારણોસર કોન્ટ્રાકટર ટેન્ડરમાં દર્શાવેલ કામ કરવા અશકિતમાન થશે તો મહાનગરપાલિકા તેના ખર્ચે અને જોખમે આ કામ પુરુ કરાવશે. અને આમ કરતાં ટેન્ડરમાં જણાવેલ ભાવ કરતાં વધારે ખર્ચ થશે તો મહાનગરપાલિકા કોન્ટ્રાકટરની સીકયોરીટીમાંથી કે સાઈટ ઉપર પડેલા માલ સામાનની હરરાજી કરી ખર્ચ વસુલ કરી શકશે અને તેમ કરતાં કોન્ટ્રાકટરનો કોઈપણ વાંધો કે હકક રહેશે નહિં.

(૧૮) આ કામનો કોઈ પણ ભાગ સંતોષકારક રીતે કોન્ટ્રાકટર નહિં કરે તો મહાનગરપાલિકાનાં ઈજનેર તેઓને ૧૦ દિવસની નોટીસ કામ સુધારવા આપશે. મુદત વિત્યા બાદ મહાનગરપાલિકાનાં ઈજનેર કોન્ટ્રાકટરનાં ખર્ચે અને જોખમે માણસો રાખી તેમજ માલ સામાન ખરીદી કામ કરવાની કાર્યવાહી કરશે અને કોન્ટ્રાકટર પાસેથી ખર્ચ વસુલી શકશે આ કામ સીટી એન્જીનીયર બીજા કોન્ટ્રાકટર પાસે પણ કરાવી શકશે.

(૧૯) વર્ક ઓર્ડરમાં જણાવ્યાની તારીખે કામ પુરુ કરવા કોન્ટ્રાકટર નિષ્ફળ જશે તો અગાઉ કલોઝ-૭ માં જણાવ્યા પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે જો મહાનગરપાલિકાને કારણે સંજોગો અનુસાર કામ બંધ રહે તો જેટલા દિવસ કામ બંધ રહે તેટલા દિવસની મુદત આપવામાં આવશે અથવા તો કોઈ સબબ કારણસર કામ બંધ રહે તેની જાણ કોન્ટ્રાકટરે મહાનગરપાલિકાના ઈજનેરને જ કરવાની રહે છે, અને જો કારણ વ્યાજબી લાગશે તો વધારાની મુદત માટે શ્રી કમિશનર સાહેબ વિચારશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

(૨૦) આ કામ ચાલુ થયે વચ્ચેના ગાળાની સંતોષ્કારક પ્રગતી હશે તો દર મહીને કોન્ટ્રાકટરને થયેલ કામનું રનીંગ બીલ આપવામાં આવશે. આ રનીંગ બીલ થયેલ કામ પ્રમાણે અને ફાઈનલ બીલના "ઉપાડ" એડવાન્સ તરીકે આપવામાં આવશે. રનીંગ બીલમાં લીધેલ કામનો જથ્થો કે કામની વિગતનું આખરી સ્વરૂપ બીલ વખતે નકકી થયા તે રીતે રહેશે. રનીંગ બીલ આકારવામાં આવેલ બીલની વિગત બધી જ ફાઈનલ બીલમાં હોવી જરૂરી નથી

(૨૧) કોન્ટ્રાકટરે આ કામમાં કોઈ પણ આઈટમ સંતોષ્કારક રીતે સ્પેસીફીકેશન મુજબ નહી કરી હોય તો મહાનગરપાલિકાને લાગે તે ભભાવ ઘટાડોભ (રીડયુઝ રેઈટ) કરી શકશે અને જે કોન્ટ્રાકટરે માન્ય રાખવાનો રહેશે.

(૨૨) આ કામમાં મહાનગરપાલિકાના ઈજનેર ટેન્ડરમાં જણાવ્યા મુજબના સ્પેસીફીકેશન કે ડ્રોઈંગ કે ડીઝાઈનમાં ફેરફાર કરી શકશે એટલે કે મુળ / સ્પેસીફીકેશનમાં જણાવ્યા મુજબના કામમાં ઘટાડો કરવો કે વધારો કે તદન નવું કામ કરાવી શકશે અને કોન્ટ્રાકટરે ટેન્ડરની મુળ શરતોને કાયમ રાખી તે મુજબ કામ કરી આપવાનું છે આ ફેરફારને કારણે મહાનગરપાલિકા સાથે થયેલ કરાર રદ થઈ શકશે નહી.

(અ) આ વધારાના ઉપર મુજબના કામમાં જો એકસ્ટ્રા આઈટમ થયા અને આઈટમ ટેન્ડરમાં જણાવેલ હશે તો તે મુજબ ભાવ આપવામાં આવશે.

(બ) જો એકસ્ટ્રા આઈટમ ટેન્ડરમા નહી હોય પરંતુ મહાનગરપાલિકાનો જે તે વખતમાં શેડયુલ આફ રેઈટ હશે તો તે મુજબ ભાવ આપવામાં આવશે. આ વખતે જો ટેન્ડર ઉંચા ભાવનું હશે તો વધારાના ટકા આપવામાં આવશે નહી પરંતુ જો ટેન્ડર નીચા ભાવનું હશે તો આવી આઈટમોમાંથી કોન્ટ્રાકટરે ભરેલા નીચા ટકા બાદ કરવામાં આવશે.

(ક) એકસ્ટ્રા આઈટમ ટેન્ડરમા કે મહાનગરપાલિકાનો જે તે વખતમાં શેડયુલ આફ રેઈટ નહી હોય તેવી આઈટમનો વ્યાજબી ભાવ કોન્ટ્રાકટર અનેમહાનગરપાલિકાના ઈજનેર એક બીજાની સમજુતીથી નકકી કરશે અને જે ભાવ શ્રી કમિશનર સાહેબની મંજુરી આપ્યે આપી શકાશે. આવી આઈટમોના ભાવ ઉપર કોન્ટ્રાકટરે ટેન્ડરમાં જણાવેલ વધારે કે ઓછા ટકાની અસર થશે નહી.

(ડ) આ મુળ જથ્થામાં કે ડ્રોઈંગ સ્પેસીફીકેશનમાં કરવો પડતો ફેરફાર કોન્ટ્રાકટરે કબુલ રાખવાનો રહેશે. અને આમ કરવાને કારણે મજુરી કે માલ સામાનનો ભાવ વધારો થશે તો મહાનગરપાલિકા ઉપર કોન્ટ્રાકટરનો કોઈ દાવો રહેશે નહી.

(૨૩) આ કામ કોન્ટ્રાકટરે માલ મજુરી સાથે કરવાનો છે. એટલે કે કામમાં જોઈતા મટીરીયલ્સ (હથીયાર, સાધનો સીડી કે ટેકા ત્રાપા) વગેરેનો સમાવેશ થાય છે. આ કામ માટે તેને જોઈતા મજદુરો (કારીગરો કે સુપરવાઈઝરોનો સમાવેશ થાય છે). કોન્ટ્રાકટરે તે કામ કરનારાઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાની છે. જે કોઈ આઈટમમાં સ્પેસીફીકેશન ન હોય ત્યાં મહાનગરપાલિકાના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું જો ત્યાંપણ સ્પેસીફીકેશન ન હોય તો જી.ડબલ્યુ.એસ.એસ.બી. ના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું છે જો ત્યાં સ્પેસીફીકેશન ન હોય પી.એચ.ઈ. ના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું છે આ શરતો વાંચીને કોન્ટ્રાકટરે દરેક પાના પર ટુંકી સહીઓ કરી આપવાની છે. કોઈ કામનું સ્પેસીફીકેશન ઉપરોકત જણાવેલ ખાનામાં ન

હોય તો એવા કામનું સ્પેસીફીકેશન કોન્ટ્રાકટરે મહાનગરપાલિકાના ઈજનેર પાસેથી લેખીત મેળવવાનું રહેશે કામ બાબત કોઈ પણ જાતનો વાંધો કે વાંધાઓ પડે તો તેનો આખરી નિર્ણય શ્રી કમિશનર સાહેબનો રહેશે જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે

(૨૪) કોન્ટ્રાકટર તરફથી કામ થઈ ગયા બાદ ૨૪ કલાકમાં સાઈટ સાફ કરી આપવાનું રહે છે તે સમય દરમ્યાન સાઈટ સાફ કરવામાં આવશે નહી તો જગ્યા રોકાણ અંગેનું કામ પુરૂ થયાની તારીખથી ધોરણસર ભાડુ ચડત થશે. અને તે કોન્ટ્રાકટર પાસે થી વસુલ કરવામાં આવશે અથવા તો તેઓને ખર્ચે અને જોખમે સાઈટ ઉપર પડેલ માલ મહાનગરપાલિકાના ઈજનેર દુર કરાવશે. અને તેની રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ લેવામાં આવશે

(૨૫) જે કામ અથવા માલ નાપાસ કરવામાં આવે તે સાઈટ ઉપરથી ૨૪ કલાકમાં ખસેડવાનો રહેશે અને તેમ કરવામાં કસુર થશે તો કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે તે કામ અથવા માલ ખસેડવામાં આવશે.

(૨૬) ટેન્ડરમાં જણાવેલ કોઈ પણ આઈટમ ખાતા મારફત કરવાની જરૂર જણાશે તો તે કામ ખાતા મારફત કરવામાં આવશે. જેના માટે કોન્ટ્રાકટર વાંધો ઉઠાવી શકશે નહી.

(૨૭) દરેક કામમાં વપરાતો માલલ્સામાન સીટી એન્જીનીયર સમક્ષ અધિકારીશ્રી પાસે પાસ કરાવી ત્યાર બાદ જ વાપરવાનો રહેશે. ચુનો ફોડયા વિનાનો સાઈટ ઉપર લાવી અમારી પાસે પાસ કરાવ્યા બાદ ફોડવાનો છે.ચુના મગીયાના આરામાં વપરાતી રેતી તથા ચુનો મગીયાનું પ્રમાણ ૩:૨ (૩-રેતી / ૨-ચુનો) રાખવાનું છે અને ડબરીયાનું પ્રમાણમાં ૧:૨ (૧ ચુનો - ૨ રેતી રાખવાનું છે આરા બરાબર ખાપી તૈયાર કરવાના છે. અને તેને પાડવાની લાશ મારી ઉપર પાણી માટે ખામણા કરી પાણી ભરી તાજા રાખવાના છે. આરા ત્રણ દિવસ કોહવાયા બાદ વાપરવાના છે. તાજે તાજા આરા તથા એક અઠવાડીયાથી વધુ પડતર આરા વાપરવાના નથી. સીમેન્ટ કોંક્રીટના તથા ચુના કોંક્રીટના તથા મીશ્રણ પાકા પ્લેટફોર્મ ઉપર કરવાના રહેશે. ચુના કોંક્રીટ માટે એક ફુટના થરમાં કાંકરીનો ચઠો કરી તેના ઉપર ૦.૧૫ સે.મી. ૬ ઈંચના થરમાં ડબરીયો નાખી રસબસતુ તૈયાર કરવાનું છે

(૨૮) જો કોન્ટ્રાકટર ચાલુ કામ છોડી જતા રહેશે અગર કામ બંધ કરી દેશે તો મહાનગરપાલિકા તેમને ખર્ચે અને જોખમે કામ ચાલુ કરી શકશે આમ કરવામાં સુધરાઈના કોન્ટ્રાકટરના એગ્રીમેન્ટ કરતા વધુ ખર્ચ થશે તો કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકશે અને આ ઉપરાંત તેમની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે. અગર બીજા કોન્ટ્રાકટર પાસે કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે કામ શરૂ કરાવી શકશે અને આમ કરવામાં એગ્રીમેન્ટ કરતા વધુ ખર્ચ થશે તો કોન્ટ્રાકટર પાસેથી કાયદેસર રીતે વસુલ કરી શકાશે અને તેની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત થઈ જશે.

(૨૯) કોન્ટ્રાકટરના દરેક પ્રોગ્રેસીવ બીલમાંથી ૧૦% રકમ મહાનગરપાલિકામાં જમા રહેશે તેનો ફાઈનલ બીલમાં સમાવેશ કરવામાં આવશે

(૩૦) આ સાથેના પરિશિષ્ટમાં આઈટમ નં.૧ થી ૭ માંદર્શાવેલ ભાવ (દર) બાબતે ભવિષ્યમાં ગેરસમજ ઉપસ્થિત થાય તો તે અંગે સીટી એન્જીનીયર કે સમકક્ષ અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩૧) સીટી એન્જીનીયરશ્રી મારફત ટેન્ડરો ખોલવામાં આવશે ત્યારથી એકસો વીસ (૧૨૦) દિવસમાં ટેન્ડર સ્વીકારવામાં આવેલ છે કે નહિં તેનો નિર્ણય શ્રી કમિશનર સાહેબ મારફત કરવામાં આવશે. આ મુદતમાં જો કોઈ પણ પ્રકારનાં નિર્ણયની જાણ કોન્ટ્રાકટરને કરવામાં નહિં આવે તો ટેન્ડરનાં ભાવો કોન્ટ્રાકટર કે મહાનગરપાલિકાને બંધનકર્તા રહેશે નહિ પરંતુ કોન્ટ્રાકટર અને મહાનગરપાલિકાના સ૧મ અધિકારીશ્રી બંનેની સહમતીથી આવેલ ભાવોનું ટેન્ડર મંજુર કરવા માટે શ્રી કમિશનર સાહેબ આખરી નિર્ણય કરી શકશે.

ઉપરોકત જનરલ સમજુતી સિવાય ટેન્ડરમાં આપેલ શરતોને આધીન રહીને કામ કરી આપવાનું રહેશે.

(૩૨) જે કોન્ટ્રાકટરના ભાવ મંજુર થશે અને ભાવ મંજુર થવાના ખબર મળ્યેથી થયેલ ભાવથી થતી કિંમતના ૫ ટકાની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે મહાનગરપાલિકાની ટ્રેઝરીમાં દિવસ-૭ માં ભરી સ્ટેમ્પ ડ્યૂટિ એક્ટ મુજબની રકમના નોનજ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર ઉપર મહાનગરપાલિકા દ્વારા માન્ય કરેલ ફોર્મમાં કરારનામુ કરી આપવાનું રહેશે આ માટે સ્ટેમ્પ પેપર તેમજ એડહેસિવ સ્ટેમ્પનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

(૩૩) વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળ ઈન્સ્યુરન્સની ડબલ્યુ.સી.ની પોલીસી લેવાની રહેશે.

(૩૪) સાઈટ ઉપર ૧૦ કે ૧૦ થી વધુ કામદારો થયે સરકારશ્રીના લેબર એકટ મુજબ લેબર લાયસન્સ લેવાનું રહેશે અને તેના પ્રવર્તમાન કાયદાઓનું પાલન કરવાનું રહેશે તેમજ આ કાયદામાં સરકારશ્રી તરફથી વખતો વખત જે કોઈ ફેરફાર થાય તેનો અમલ કરવાનો રહેશે.

(૩૫) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર ઈ.પી.એફ.નંબર લેવાનો રહેશે તથા આ કાયદામાં વખતો વખત જે કાંઈ ફેરફાર થાય તેનો અમલ કરવાનો રહેશે.

(૩૬) સર્વિસ ટેકસના કાયદા અનુસાર સર્વિસ ટેકસ ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૭) કચેરી તરફથી સુચવવામાં આવતા કામે લગતા જરૂરી ટેસ્ટ રીપોર્ટ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરાવી આપવાના રહેશે.

(૩૮) ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના જી.આર. નં.સી.ડબલ્યુ.એ/ ૨૦૦૪/૮૪૧/એમ-૩ તા.૩૦.૦૧.૦૬ ના ઠરાવ મુજબ શ્રમીકોના કલ્યાણ માટે બીલની કુલ રકમના ૧% (એક ટકા) લેખે સેસ રકમ રાજકોટ મહાનગરપાલિકા રનીંગ બીલમાંથી કપાત કરશે, તેમજ તેના માટે જરૂરી રજીસ્ટ્રેશન એજન્સીએ સ્વ.ખર્ચે કરવાનું રહેશે

(૩૯) કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રી ૧૦ કે તેથી વધુ કામદારો કામે રાખેલ હશે તો કોન્ટ્રક્ટરશ્રીએ ઈ.એસ.આઈ. (એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ) એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી જરૂરી રજીસ્ટ્રેશન નંબર મેળવવાનો રહેશે કોન્ટ્રાકટરશ્રીએ તેમના હસ્તકના કામદારોને ઈ.એસ.આઈ.એકટ હેઠળ મળવાપાત્ર તમામ લાભો આપવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ ઈ.એસ.આઈ.એકટના જે તે સમયે પ્રવર્તમાન તમામ ધારા-ધોરણોનું પાલન કરવાનું રહેશે

(૪૦) આ સાથે સામેલ રાખેલ આ કચેરી હુકમ નંરામનપા/સી/૧૩૨ તા.૧૦.૦૬.૨૦૧૩ તથા પરિપત્ર નં.રામનપા/સી/૩૨૯ તા.૨૨.૧૨.૨૦૧૨ વાંચીને તેમાં સહી સીકકા કરી ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.

અધિક મદદનીશ એન્જીનીયર	ડે.એકઝી.એન્જીનીયર	સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા	રાજકોટ મહાનગરપાલિકા	રાજકોટ મહાનગરપાલિકા

કોન્ટ્રાકટરની સહી તા સીકકો :

રાજકોટ મહાનગરપાલિકા

બાંધકામ શાખા

સ્પેસીફીકેશન (સમજુતી)

Item No.1:
Removal of flooring of type Shabadi ladi / cement / tiles flooring:

The work of removal of flooring of type Shabadi ladi / cement / tiles flooring shall have to be carried with due care at the place where as instructed and as per requirement of work including cleaning and clearing the site as instructed there after utilizing the same, if required at site as per the instructions of site Engineer. The whole work of removal of should be carried out such that no damage occurs to the same. The transportation of removed material should be done from site by loading, unloading, stacking in Tractor as instructed and dumped within the City limit or Store of Rajkot Municipal Corporation.

The payment will be made for a unit of square meter.

Item No.2:
Earth work in cutting including preparing the slope and stacking or utilizing the cutting stuff in bans as directed up to RMC limit from the end of cutting with all leads and lift.

The land with required for the road way shall be cleared of all trees having a girth of 30 cms and less, loose stones, vegetation, bushes, stumps and all other objectionable materials. The roots of trees and stumps shall be removed to a depth of 30 cms below the grade of formation and slope of excavation filled up with excavated materials and compacted. All the materials cleared will be the property of Rajkot Municipal Corporation.

After clearing the site, the alignment of the road shall be properly set out true to lines, curves, grades and sections as shown on plan or directed by the engineer-in-charge. The contractor shall provide all labour and materials such as lime, strings, pegs, nails, bamboos, stone mortal, concrete etc. required for setting out alignment establishing bench marks and giving profiles. The contractor will be responsible for maintaining BM alignments, and other stakes and marks.

The excavation shall be finished neatly smooth and evenly to correct lines, curves, grades if loose shall be scarified watered and compacted. The contractor shall on no account excavate beyond the slope or below the specified level or outside the section. It shall not be paid for and the contractor shall be required to fill up at his own cost with good and approved material by engineer in charge.

All necessary traffic arrangement is to be done by contractor. No extra will be paid for this.

All the excavated materials shall be property of government. The useful excavated material is to be directly deposited at the required location in the specified layers within RMC limit and all lift as per instructions of engineer-in-charge.

The payment shall be made at Rs.9.25/- per square meter basis for excavation up to 20 cm depth. Beyond 20 cm depth, the payment shall be made at Rs.0-50 paisa per square meter per every 5 cm additional depth for additional excavation.

Item No.3

Removal of excavated stuff and laying within RMC limit as directed by engineer-in-charge.

Disposal of excavated materials is subject to the following.

Unsuitable materials obtained from clearance, site and excavation shall be disposed off within RMC limit as directed.

The rate shall be for a unit of one cubic metre.

Item No.4:

5.1.6. Providing and laying in foundation and plinth/ floors lime concrete with hard broken aggregate 4-9 cm nominal size and 40% mortar comprising of 1 Lime putty : 2 fine sand and curing complete including cost of form work.

1.0. Materials:

1.1. Water shall conform to M-I. Sand shall conform to M-6. Lime shall conform to M-2. Graded aggregated
40 mm, nominal size shall conform to M-I2.

2.0. Workmanship:

2.1. General

2.1.1. Before starling the concrete the bed of the foundations trenches shall be cleared of all loose materials and watered and rammed as directed.

2.2. Proportion of Mix :

2.2.1. The proportion of lime, sand and aggregate shall be specified in the item of the work and shall be measured by volume.

2.2.2. The lime mortar shall consist of proportion of 1 Lime putty : 2 sand volume. The lime mortar shall be prepared by wet process Power driven mill shall be used for preparation of lime mortar. The slaked lime shall be placed in the Mill in even layers and ground for 180 revolutions with sufficient water. The water shall be added as required during grinding (and care shall be taken not to add more water) so that it will bring the mixed materials to a consistency of stiff paste, throughly wetted sand shall then be added evenly and the mixture ground for another 180 revolutions.

2.2.3. Lime mortar shall be kept damp, protected from sun and rain till used-up, covering it by tarpauline or open sheds.

2.2.4. All the lime mortar shall be used as soon as possible after grinding. It should be used on the day of which it is prepared but in no case mortar made earlier than 36 hours shall be permitted for use.

2.3. Mixing :

2.3.1. The concrete shall be mixed in mechanical mixer. Mixing shall be continued until there is uniform distribution of the material and the mass is uniform in colour and consistency but in no case mixing shall be done for less than 2 to 3 minutes.

Providing and laying in foundation and plinth/under floors lime concrete with graded bricks aggregate 40 mm. nominal size and 40% mortar comprising of 1 Lime Putty : 2 fine sand and curing complete excluding cost of form work.

Mode of measurement and payment:

The lime work shall be measured in length, breadth and depth as specified in drawing or as directed, correct upto largest centimetre and cubical content shall be worked out upto two places of decimals.

3 2. The rate shall be for a unit of one cubic metre.

Item No.5

3.0 Providing and laying cement concrete 1:2:4 (1 cement: 2 coarse sand: 4 graded stone aggregate 20 mm nominal size) and curing complete excluding the cost pf form work in foundation and plinth.

1.0. Materials

1.1 Water shall conform to M-1. Cement shall conform shall conform to M-2. Sand shall conform to M-4. Stones aggregate 20 mm. nominal size shall conform to M-12.

2.0 Workmanship

2.1 General

2.1.1 Before starting concrete the bed of foundation trenches shall be cleared of all loose materials, leveled, watered and rammed as directed.

2.2 Proportion of Mix

2.2.1 The proportion of cement, sand and coarse aggregate shall be one part of cement, 2 parts of sand and 4 parts of stone aggregate; and shall be measured by volume.

2.3. Mixing

2.3.1. The concrete shall he mixed in a mechanical mixer at the site of work. Hand mixing may however be allowed for smaller quantity of work if approved by the Engineer-in-charge. When hand mixing is permitted by the Engineer-in-charge in case of break-down of machineries and in the interest of the work, it shall be carried out on a water tight platform and care shall be taken to ensure that mixing is continued until the mass is uniform in colour and consistency. However in such cases 10% more cement than otherwise required shall have to be used without any extra cost. The mixing in mechanical mixer shall be done for a period 1. 1/2 to 2 minutes. The quantity of water shall be just sufficient to produce a. dense concrete of required workability for the purpose.

2.4 Transporting & placing the concrete.

2.4.1 The concrete shall, be handed from the place of mixing to the final position in not more than 15 minute by the method as directed and shall be placed into its final position, compacted and finished within 30 minutes of mixing with water i.e. before the setting commences. .

2.4.2 The concrete shall be laid in layers of 15 cms to 20 cms.

2.5. Compacting:

2.5.1 The concrete shall be rammed with heavy iron rammers and rapidly to get the required compaction and to allow all the interstices to be filled with mortar.

2.6. Curing

2.6.1 After the final set, the concrete shall be kept continuously wet if required by ponding for a period of not less then 7 days from the date of placement.

2.7. Mode of measurements and payment:

2.7.1 The concrete shall he measured for its length, breadth, and depth, limiting dimensions to those specified on plan or as directed. ,

2.7.2 The rate shall be for a unit of one cubic metre.

Item No.6:
15 cm dia average 15cm size exavation with lime concrete 1:3 complete soil lifting 90m lead with spreading.

The cement gutter of required size shall have to be supplied by the contractor and carry out the fixing in line level as per the instruction. Excavation in surface shall have to be carried out laid over with lime concrete and jointed with CM 1:3 with point including required excavation and spreading of excavated stuff. Joints shall be kept of 1.5 cm. The neat and clean black trap metal of size from 3.8 to 9.0 cm shall have to be used. The mixture of ratio shall be 2 sand and 3 lime. Fixing work to be done as per instruction and in slope as well as shall be in line. Lodhia work to be carried out in sand ratio 1:3, for which, no extra payment will be given.

The rate will be given on one running meter basis.

Item No.7:
Cement Concrete flooring (IPS) 50 mm thick in proportion of 1:2:4 with a floating coat of neat cement, finishing, curing etc. Complete

Providing I.P.S. flooring of about 40 mm. thick using C.M. 1:2:4 (1-Cement, 2-Sand, 3-Coarse aggregate) proportion including finishing, tieing, etc. complete as per detailed specification.

1. Water proofing treatment of floor.
   Item includes providing water proofing treatment to dry well floor, and top platform.

   Floor of the required units shall be cleaned with wire brush and on properly wetted surface cement mortar in 1:2:4 proportion with water proofing compound such as “CICO” or “IMPERMO” or any other approved compound in proportion of 1 kg Per bag of cement shall be injected in floor and at junction of the wall and floor, wherever required, on the above treated surfaces IPS flooring, shall be laid in thickness 40 to 55 mm. using water proofing compound as “CICO” or “IMPERMO” or any other approved compound in proportion of 1 Kg per bag of cement. Care shall be taken to avoid washing away of cement. Flooring shall be properly cured for minimum of ten days.

   The item of water proofing shall generally be carried out as per specifications M/s. Indian Water Proofing Co. or any other company repute.

   The contractor shall furnish written guarantee on approval from the water proofing shall be free from defects of materials, workmanship for a period of 5 years. Dampness leakage, splitting etc. shall be considered as defective work.

2. Providing and laying IPS flooring 40 mm. to 50 mm. thick with 1:2:4 concrete in various places.

   A. Materials Cement Concrete
   The cement concrete shall conform to specifications for concrete given in a separate section for ordinary concrete. The maximum size of coarse aggregate shall be 12 mm. The fine aggregate shall consist of properly graded particles.

   The proportion of mix shall be 1:2:3 / 1:2:4 as specified. The minimum amount of mixing water, that will produce a workable mix and will allow finishing, shall be used, generally a w/c ratio of G.S. should suffice. For large

works mechanical mixing may be resorted to at the direction of the Engineer-In-Charge.

B. Laying of I.P.S Flooring

1. The sub grade for the concrete floor shall be a bedding of compacted earth and rubble stones soling to the required level. The earth cushion of 300 mm. thick shall be applied using locally available soil. The soil should be properly sieved and free from any gravel, stones etc. This shall be gradually built upto the full thickness using excavated soil if found desirable. The earth cover shall be the uniformly soaked with water without making it slushy. The rubble stones of about 200 to 230 thick size shall be laid over this earth cover in proper position. The rubble laying shall be done such that proper bond is obtained by fitting in closely the adjacent stones by using bond stones. For this proper breaking of points shall be done. The rubble stones shall be carefully laid, hammered down with a wooden mallet into position and solidly bedded. No hollow space shall be left anywhere in the joints. This can be possible by using small chips in the interior to fill interstice between adjacent stones shall be wetted before use.

2. The surface of the sub grade shall be cleaned of all loosed materials and moistened immediately before laying the concrete floor. The concrete flooring shall be laid in alternated bays not exceeding 6 sqm. each. The edges of each panel into which the floor is divided should be supported by flat bars of steel or wood duly oiled at least 48 hours elapse before the concreting in the adjacent bays is commenced.
   The rate shall be for a unit of one square meter.

અધિક મદદનીશ એન્જીનીયર	ડે.એકઝી.એન્જીનીયર	સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા	રાજકોટ મહાનગરપાલિકા	રાજકોટ મહાનગરપાલિકા

કોન્ટ્રાકટરની સહી તા સીકકો :

એનેક્ષર -૧

કોન્ટ્રાકટ એજન્સીનુ નામ સરનામુ કોન્ટેકટ મોબાઈલ ફોન નંબર	રજિસ્ટ્રેશન કરનાર સંસ્થા રજિસ્ટ્રેશન નંબર - તારીખ કલાસ તથા વેલીડીટી (એક્સ્ટેન્શન એકસ્ટેન્શનની વિગત જો હોય, તો)	ટેન્ડર ફી ભર્યાની વિગત - બેન્કનુ નામ, બ્રાન્ચનુ નામ તથા બ્રાન્ચ કોડ તેમજ ડિમાન્ડ ડ્રાફટ નંબર અને તારીખ	અર્નેસ્ટ મની ડીપોઝીટ ભર્યાની વિગત - બેન્કનુ નામ, બ્રાન્ચનુ નામ તથા બ્રાન્ચ કોડ તેમજ ડિમાન્ડ ડ્રાફટ નંબર અને તારીખ	છેલ્લો પ્રોફેશનલ ટેકસ ભર્યાની તારીખ રકમ જે તે સ્થળે ભર્યાની વિગતો	છેલ્લા ૭ વર્ષનુ ટર્ન-ઓવર		વર્કીંગ કેપીટલ તા. ૧.૪.૨૦૧૬ નાં રોજ રકમ રૂા.	સોલ્વન્સી રકમ રૂા.
					વર્ષ	ટર્ન-ઓવર		
					2009-10			
					2010-11			
					2011-12			
					2012-13			
					2013-14			
					2014-15			
					2015-16			

ઉપરોકત વિગતો ખરી છે

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સહી તથા સીકકા.

કોન્ટ્રાકટરની સહી તથા સીકકા.

R.M.C./C./ ૧૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

હુકમ :–

વિષયઃ– ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે બિનઅધિકૃત રજુ થતાં ડોકયુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત.

સંદર્ભ :– આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોકયુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોકયુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોકયુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોકયુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. **જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.** જેમાં ફરજચૂક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ક્રોડ ડોકયુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમા પ્રસિધ્ધ થતાં સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિકકા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

કમિશ્નર.
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):-</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :-
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)

આર.એમ.સી./સી. ૩૨૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ
તા.૨૨/૧૨/૨૦૧૨

પરિપત્રઃ-

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના :- (જાણ અર્થે)
- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

નકલ જાણ તથા અમલવારી અર્થે :-
- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: એસ.બી/મજુર/જાહેરનામુ/૧૬૩૬/૨૦૧૪,
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૬/૦૪/૨૦૧૪

તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે. ભુતકાળનાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ઘરફોડીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔધોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઇપ લાઇન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનુ સર્વે કરી માહીતગાર થઇ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું મોહન ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમા લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પો.સ્ટે.મા કરવાની રહેશે

૧	લેબર કોન્ટ્રાક્ટર / મુકાદમ (સપ્લાયર) નુ પુરૂ નામ સરનામુ મો.નં., નંબર સહિત	:-	
૨	મજુરનુ નામ તથા ઉ.વ.	:-	
૩	મજુરનું હાલનુ સરનામુ ટેલીફોન નંબર	:-	
૪	મજુરનુ મૂળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો	:-	
૫	હાલની મજુરીનુ સ્થળ / કંપનીનુ નામ	:-	
૬	મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર	:-	
૭	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામુ, ટેલીફોન નંબર	:-	
૮	મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	:-	
૯	ક્યારથી મુકાદમે / કોન્ટ્રાક્ટરે મજુરી કામ માટે રાખેલ છે	:-	
૧૦	મજુરનુ ઓળખ માટેનુ આઇ.ડી.પુરૂ (ફોટા સાથે નું)	:-	
૧૧	રાજકોટ શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ?	:-	
૧૨	રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઇ હોયતો તેનુ નામ, સરનામુ	:-	

મજુરનો તાજેતરનો ફોટા

મજુરના અંગુઠાનું નિશાન.....
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહિ.....
નામ.....

આ હુકમ તા. ૦૧/૦૫/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મહદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામા આવશે ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ/સમયે ચોત્રીસ-૩૦૧૪ મા શેરી મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(પી.કે.ન ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ રવાના:-

(૧) અત્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મુખ્ય નિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) બાર મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૭) કલેકટરશ્રી , રાજકોટ શહેર
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૯) નિયામકશ્રી, માહીતી ખાતું કોજીવરાજ મહેતા ભવન જૂના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૫ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પૂર્વ/ પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
(૧૩) આર્મ.કમિશ્નરશ્રી, (ઇન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઇન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૫) તમામ પો.સ્ટે.ઇન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેરવિસ્તારની ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૬) તમામ સર્કલ તથા માર્ગો ઇન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૭) ઇન્ડીયન ઇન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવી.
(૧૮) લેબર કમિશ્નરશ્રી, ... તમામ ખાનગી સંસ્થાઓને જાણકારી કરવવા સારૂ

નકલ સવિનય રવાના:-

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ. ગુ.રા.સીલાવીડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જ્યુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર
(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૭) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દૂરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)